**Office Of The Director General, Civil Defence and**
Commandant General Home Guards,Gujarat State
Lal Darwaja, Ahmedabad – 380001
Phone No – 079 25506023/079 25506028 Fax No – 25506021

કાયદા સલાહકાર (વર્ગ-૨ સમકક્ષ)ની આઉટસોર્સથી કરાર આધારીત જગ્યાની ભરતી

ડાયરેક્ટર જનરલ સિવિલ ડીફેન્સ અને કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદ કચેરી ખાતે કાયદા સહાલહાર (વર્ગ-૨ સમકક્ષ) ની જગ્યા પ્રારંભિક વર્ષ-૧ માટે આઉટસોર્સથી કરાર આધારીત ધોરણે ભરવા માટે ઇચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજી મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ જગ્યા | વયમર્યાદા | પગાર અને ભથ્થા | લાયકાત અને અનુભવ |
|---|---|---|---|---|
| કાયદા સલાહકાર | ૦૧ | ૪૫ વર્ષથી વધારે નહી | રૂ.૪૦,૦૦૦/- માસિક એકત્રિત રકમ | (૧) માન્ય. યુનિ. કાયદાના સ્નાતકની પદવી<br>(૨) વકીલાતની કામગીરીનો લઘુત્તમ ૭ વર્ષનો અનુભવ |

<u>અન્ય વિગતો:-</u>

૧. જગ્યાની ફરજો તથા વ્યક્તિના અનુભવને ધ્યાને લેતાં વયમર્યાદામાં છુટછાટ આપી શકાશે.

૨. ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષા પરનું પ્રભુત્વ જરૂરી.

૩. બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં Enrolment હોવું ફરજીયાત.

૪. CCC+ સમકક્ષનું કોમ્પ્યુટરનું જ્ઞાન હોવું જરૂરી.

૫. અરજી પત્રકનો નમૂનો તથા કરારની શરતો અને બોલીઓ તા.૧૨/૦૬/૨૦૨૧ થી તા.૩૦/૦૬/૨૦૨૧ સુધી હોમગાર્ડઝ ગુજરાત રાજ્યની વેબસાઇટ www.homeguards.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૬. સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે તા.૩૦/૬/૨૦૨૧ સુધીમાં "ડાયરેક્ટર જનરલ સિવિલ ડીફેન્સ અને કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝ,ગુજરાત રાજય, હોમગાર્ડઝ ભવન, લાલ દરવાજા, અમદાવાદ- ૩૮૦૦૦૧" ના સરનામે રજી. પોસ્ટથી મોકલી આપવાની રહેશે.

7/6/21

(ડૉ.નીરજા ગોટરૂ)
કમાન્ડન્ટ જનરલ
હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય

## કાયદા સલાહકાર તરીકે કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, લાલ દરવાજા, અમદાવાદ ખાતે આઉટસોર્સથી કરાર આધારિત નિમણુંક માટેનું અરજી ફોર્મ

| |
|---|
| પાસપોર્ટ<br>સાઇઝનો ફોટો |

| | | |
|---|---|---|
| ૧ | નામ | |
| ૨ | જન્મ તારીખ | |
| 3 | સરનામું | રહે.....................................<br>..........................................<br>ટેલી./મો./ઇ-મેલ.................<br>કચેરી..................................<br>ટેલી./મો./ઇ-મેલ................. |
| (એ) | હાલની પ્રેક્ટીસનું સ્થળ | |
| ૪ | શૈક્ષણિક લાયકાતની વિગત (સ્નાતકથી શરૂ કરી) | |

| પાસ કરેલ પરીક્ષા | પાસ કર્યાનું વર્ષ | કોલેજ | યુનિવર્સિટી | મેળવેલ વર્ગ/ગ્રેડ | ટકા અને માર્ક્સ | ખાસ વિષય |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | વકીલ તરીકે સનદ મેળવ્યાની તારીખ | | | |
| ૬ | અનુભવ (સર્વિસ મેટર અને ગુનાના કેસો) | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઇકોર્ટ | સુપ્રીમ કોર્ટ |
| | (i) At Bar (in year) | | | |
| | (ii) No. of Service matter cases handled | | | |
| | (iii) No. of criminal cases handled | | | |
| | (iv) No. of cases when appeared on behalf of | | | |
| | (a) ACB, Central, State Government, Ministries & Organizations | | | |
| ૭ | લડવામાં આવેલ અગત્યના કેસો (સંખ્યા) (કેસ નં- સાથે) કુલ આંકડો | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઇકોર્ટ | સુપ્રીમ કોર્ટ |
| | | | | |
| ૮ | કેસોમાં મળેલ સફળતા (સંખ્યા) (આંકડા-નંબર સાથે) | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઇકોર્ટ | સુપ્રીમ કોર્ટ |
| | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | કોઇ સંસ્થા/સરકાર(રાજ્ય/કેન્દ્ર) સરકારી વિભાગ/ખાનગી સંસ્થાના પેનલ વકીલ તરીકે કામગીરી સંભાળતા હોય/સંભાળેલ હોય તો તેની વિગત | | | |
| ૧૦ | અગાઉ તમારા વિરૂધ્ધમાં ગુન્હો દાખલ થયેલ હોય તો તેની વિગત/બારકાઉન્સીલ દ્વારા કોઇ શિક્ષાત્મક કાર્યવાહી થયેલ હોય કે ચાલુ હોય તેની વિગત | | | |

અરજીમાં દર્શાવેલ તમામ વિગત અમારી માન્યતા મુજબ સાચી છે

ઉમેદવારની સહી

સ્થળ:

તારીખ:

નોંધ: (૧) અરજી સાથે ઉપર જણાવેલ વિગતોનો જરૂરી આધાર અચૂક મોકલવાના રહેશે.

(૨) અસીલ માટે લડવામાં આવેલ કેસમાં તરફેણમાં આવેલ ચુકાદાના એક જજમેન્ટની નકલ ફરજીયાત બિડાણ કરવાની રહેશે.

## પરિશિષ્ટ-૧

## કાયદા સલાહકારની આઉટસોર્સથી કરાર આધારિત નિમણુંક માટેની શરતો અને બોલીઓ

(૧) શ્રી(નિમણુંક અપાતા ઉમેદવારનું નામ) આ નિમણુંક તેઓ હાજર થાય તે તારીખ થી પ્રથમ તબક્કે ૧૨ માસની મુદત માટેની રહેશે.

(૨) નિમણુંક કરનાર કે નિમણુંક પામનાર એ બંને પક્ષો એક માસની નોટીસ આપીને કરાર નિયુક્તિનો અંત લાવી શકશે.

(૩) તેઓએ કમાન્ડન્ટ જનરલ, હોમગાર્ડઝ, ગુજરાત રાજય, લાલ દરવાજા, અમદાવાદ ખાતે ફરજો બજાવવાની રહેશે.

(૪) તેઓની સામાન્ય ફરજો અને જવાબદારીઓ આ સાથે સામેલ પરિશિષ્ટ-૨ માં જણાવ્યા પ્રમાણેની રહેશે.

(૫) તેઓને રૂ. ૪૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાળીસ હજાર પૂરા) માસિક એકત્રિત રકમ મળવાપાત્ર થશે.

(૬) ઉપર પ્રમાણેના એકત્રિત વેતન પર તેમને કોઇપણ જાતના ભથ્થાં મળવાપાત્ર થશે નહિ.

(૭) કરારના સમયગાળા દરમિયાન તેઓને એકત્રિત વેતનમાં કોઇ પણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહિ. મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત તથા પગારપંચના બીજા લાભો મળવાપાત્ર થશે નહિ.

(૮) કરારના સમયગાળા દરમિયાનની નોકરી બદલ વધારાનું પેન્શન, બોનસ, એલ.ટી.સી., એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવા અન્ય કોઇપણ પ્રકારના નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહિ.

(૯) કરારના સમયગાળા દરમિયાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાના એકત્રિત વેતનની લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ, બીજા કોઇ નાણાંકીય લાભ, એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષંગિક લાભ મળવાપાત્ર થશે નહિં.

(૧૦) તેઓના કામકાજનો સમય ૧૦:૩૦ થી ૧૮:૧૦ કલાક સુધીનો અત્રેની કચેરીના સમય મુજબ રહેશે અને તે અનુસાર કચેરીમાં હાજરી આપવાની રહેશે. પ્રસંગોપાત વધુ સમયના કામ માટે કોઇ વળતર ભથ્થું આપવામાં આવશે નહિં.

(૧૧) તેઓને વર્ષ દરમિયાન ૧૨ પરચુરણ રજા સક્ષમ અધિકારીશ્રીની પૂર્વમંજુરીથી મળવાપાત્ર થશે. અને અન્ય કોઇ રજા મળવાપાત્ર થશે નહિં. અનિવાર્ય સંજોગોના કારણે તેમણે વધુ રજા લેવાની થાય તો તેવી ગેરહાજરીના સમયગાળા સામે મળતી માસિક ઉચ્ચક રકમમાંથી પ્રમાણસર થતી રકમની કપાત કરવામાં આવશે.

(૧૨) તેઓએ કાર્યમથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહિ.

(૧૩) તેઓએ સરકારી કામકાજ અર્થે પ્રવાસ પર જવાનું થાય તો તેવા પ્રસંગે સરકારના વર્ગ-૨ ના અધિકારીશ્રીને મળતા લઘુત્તમ ગ્રેડ-પેના પગાર ધોરણમાં મળવાપાત્ર પાંચમા પગાર પંચ મુજબના પગારના લઘુત્તમ પગારધોરણ મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

(૧૪) તેઓને ગુજરાત મુલ્કી સેવા (વર્તણુંક), ૧૯૭૧ તથા ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ), ૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કરારનો સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકશે.

(૧૫) તેઓને મળનાર માસિક એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ આપવાનું રહેશે.

(૧૬) સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઇ જરૂરી શરતો નક્કી થાય તે પણ બંધનકર્તા રહેશે.

(૧૭) વ્યવસાય વેરા કપાત ફીક્સ પગારમાંથી કરી લેવાની રહેશે.

(૧૮) નિમણુંકના સમય દરમિયાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઇ પણ પ્રકારના ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ રાજ્ય સરકારની કોઇ જવાબદારી રહેશે નહિં.

(૧૯) કરાર આધારીત ઉચ્ચક વેતનથી નિમણુંક પામેલ વ્યક્તિને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઇ હક્ક પ્રાપ્ત થશે નહિ.

(૨૦) ઉપરોક્ત શરતો નિમણુંક પામનાર વ્યક્તિને સ્વીકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર મેળવવાનું રહેશે.

(૨૧) તેઓએ દર ત્રણ મહિને કેટલા કેસમાં હાજર રહ્યા, કેટલા કેસનો નિકાલ થયો તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે ચુકાદા આવ્યા અને કેટલા કેસમાં સરકાર વિરુધ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ કેસવાર ચોક્કસ માહિતી સક્ષમ અધિકારીશ્રીને અચૂક રજૂ કરવાની રહેશે.

(૨૨) કોવીડ-૧૯ ની સરકારશ્રીની વખતો વખતની ગાઈડ લાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(ડૉ.નીરજા ગોટરૂ)
કમાન્ડન્ટ જનરલ
હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય

## પરિશિષ્ટ-૨

**કાયદા સલાહકારએ બજાવવાની રહેતી સામાન્ય ફરજો અને જવાબદારીઓની વિગતો :-**

(૧) ડાયરેક્ટર જનરલ સિવિલ ડીફેન્સ અને કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદ કચેરી ખાતે હોમગાર્ડઝ, બોર્ડરવીંગ, નાગરિક સંરક્ષણ તથા ગ્રામ રક્ષક દળને લગત તમામ કોર્ટ કેસોની કામગીરી.

(૨) અત્રેની કચેરી ખાતેની તમામ શાખાઓના નામદાર હાઈકોર્ટ/સુપ્રીમ કોર્ટ સમક્ષ ચાલતા કેસોને લગતી કામગીરી.

(3) ગુજરાત રાજ્ય બહાર અન્ય કોર્ટોમાં ટ્રાન્સફર થયેલ કે થનાર કોર્ટ કેસોને લગતી તમામ કામગીરી.

(૪) અત્રેની કચેરીને લગતા કોર્ટ કેસોની કામગીરીના સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટના રાજ્ય સરકારના એડવોકેટ, ગુજરાત હાઇકોર્ટના એડવોકેટ અને આ કામે રાજ્ય સરકાર તરફથી જુદી જુદી કામગીરી સંદર્ભે રોકવામાં અવેલ એડવોકેટ સાથે સંકલનની કામગીરી.

(૫) અત્રેની કચેરીને લગતા કોર્ટ કેસો સંદર્ભે સંબંધિત શાખાઓના/અધિકારી/કર્મચારીઓના લાયઝનમાં રહી કોર્ટ કેસો તથા તેને આનુષંગિક કામગીરી ઉપરાંત અંગત રસ લઇ કોર્ટ કેસો સંદર્ભમાં પેરાવાઇઝ રિમાર્ક્સ તૈયાર કરવા, સોગંદનામા તૈયાર કરવા, સરકારી વકીલ અથવા સરકારશ્રી દ્વારા રોકવામાં આવેલ વકીલશ્રીઓને બ્રીફ કરવા તેમજ કેસની મુદત/સુનવણી દરમ્યાન જે તે શાખાના સંકલનમાં રહી કોર્ટ ખાતે હાજરી આપવાની કામગીરી અને કેસ ચાલતો હોય ત્યારે સરકારી વકીલશ્રીનું Law Point તરફ ધ્યાન દોરી સરકારશ્રી પક્ષે અસરકારક રજુઆત થાય તે જોવાની કામગીરી.

(૬) ઉપરોક્ત કામગીરી સિવાય સક્ષમ અધિકારીશ્રી તરફથી કોર્ટ કેસોના જે કોઇ કામગીરી સોંપવામાં આવે તેવી તમામ પ્રકારની કામગીરી.

(૭) ઉપર્યુક્ત કોર્ટ કેસો અને કમિશનને લગતી કામગીરી માટે કાયદા સલાહકારશ્રીએ જરુર જણાયે સૂચના મળ્યે સામાન્ય કચેરી સમય ઉપરાંત, પ્રસંગ ઉપસ્થિત થયે, રોકાઇને તેમજ જાહેરરજાના દિવસે પણ કામગીરી બજાવવાની રહેશે. જેના માટે કોઇ વધારાનું મહેનતાણું કે ભથ્થું મળવાપાત્ર રહેશે નહિં.

(ડૉ.નીરજા ગોટરૂ)
કમાન્ડન્ટ જનરલ
હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય